


# ગાયત્રી મંત્ર : બ્રહ્માંડનો મુખ્ય સ્રોત

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

(ગતાંકથી ચાલુ)

**વ્યાહૃતિઓનું રહસ્ય:**

(ૐ ભુર્ ભુવઃ સ્વઃ) સર્જનના આરંભમાં સૌ પ્રથમ ૐ (નાદ-બ્રહ્મ) પ્રગટ થયો. તે પછી ત્રણ શબ્દો પ્રગટ થયા, ભૂર્- પદાર્થ અને ભૌતિક જગત, ભુવઃ- પ્રાણ અને માનસિક જગત, સ્વઃ- ચેતના અને આધ્યાત્મિક આનંદ. આ ત્રણેયને જોડનાર શકિત ગાયત્રી છે. માન્યતા છે કે આ ત્રણ શબ્દોમાં આખી સર્જનશક્તિનું બીજ છુપાયેલું છે અને ગાયત્રી મંત્ર તે બીજને વૃક્ષમાં ફેરવવાની રીત છે.

**24 ગ્રંથિઓનું વિજ્ઞાન:** જયારે આપણે આ મંત્રના વૈજ્ઞાનિક પાસાંને જોઈએ છીએ, ત્યારે જાણવા મળે છે કે ગાયત્રી મંત્રના 24 અક્ષર શરીરની 24 સૂક્ષ્મ ગ્રંથિઓ સાથે જોડાયેલા છે. ઋષિઓનો મત હતો કે જયારે આ અક્ષરોનું ઉચ્ચારણ ચોકકસ ધ્વનિ તરંગો (Vibrations) સાથે કરવામાં આવે ત્યારે આ ગ્રંથિઓ સક્રિય થઈ જાય છે અને અંતર્દષ્ટિ માત્ર માહિતી નહીં પરંતુ પરમ સત્ય જોઈ શકે છે.

**ગાયત્રીનાં પાંચ મુખ :** પાંચ શકિતઓ: કામધેનુનાં પાંચ સ્તનો જેમ પોષણ આપે છે તેમ ગાયત્રીનાં પાંચ મુખ માનવામાં આવે છે,જે પાંચ પ્રકારની શકિત આપે છે, 1. સવિતા- તેજ અને ઊર્જા, 2. સરસ્વતી- જ્ઞાન અને વિવેક, 3. લક્ષ્મી - સમૃદ્ધિ અને સાધનો, 4 દુર્ગા- આત્મરક્ષા અને શક્તિ, 5. કુંડલિની-આધ્યાત્મિક જાગૃતિ. જયારે કોઈ ગાયત્રીના શરણે જાય છે ત્યારે તેને આ પાંચેય ક્ષેત્રોમાં સફળતા મળે છે.

**ગાયત્રી અને શરીર પર તેનો પ્રભાવ:** પ્રાચીન વિજ્ઞાન અનુસાર ગાયત્રી મંત્રના ઉચ્ચારણ દરમિયાન જીભ, તાળવું અને ગળાનાં ખાસ કેન્દ્રો પર દબાણ આવે છે. આ દબાણ મગજ પર અસર કરે છે તેના પરિણામે શરીરમાં સકારાત્મકતા ઉદ્ભવે છે. આથી તણાવ ઘટે છે, મન શાંત થાય છે. સંકલ્પશકિત મજબૂત બને છે અને વ્યકિત જે વિચારે છે તેને પૂર્ણ કરવા માટે બ્રહ્માંડ તેનો માર્ગ આપમેળે ખોલી નાખે છે.

**સાચી કામધેનુ શું છે?**

વિશ્વામિત્રે શરૂઆતમાં વશિષ્ઠની કામધેનુ (નંદિની) મેળવવા માટે યુદ્ધ કર્યું હતું. પરંતુ અંતે તેમને સમજાયું કે સાચી કામધેનુ કોઈ બહારની ગાય નથી પરંતુ તે 'બ્રહ્મશક્તિ' છે, જે ગાયત્રી મંત્રના રૂપમાં આપણી અંદર છુપાયેલી છે. કામધેનુ બહારથી વસ્તુઓ આપે છે પરંતુ ગાયત્રી માણસને એટલો શક્તિશાળી બનાવે છે કે પોતાની યોગ્યતા અને શક્તિથી બધું પ્રાપ્ત કરી શકે.

**ગાયત્રી અને સૂર્ય ઊર્જા**

આધ્યાત્મિક રીતે ગાયત્રીને 'સવિતા' (સૂર્ય)નો મંત્ર માનવામાં આવે છે. પરંતુ વિજ્ઞાન કહે છે કે સૂર્ય માત્ર આગનો ગોળો નથી પરંતુ તે ઊર્જાનો સૌથી મોટો સ્રોત છે. ગાયત્રીના 24 અક્ષર શરીરમાં એવી જ ઊર્જા ઉત્પન્ન કરે છે જેમ સૂર્યના કેન્દ્રમાં ઉત્પન્ન થાય છે. જયારે આપણે 'ભર્ગ' શબ્દનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે આપણી અંદરનાં નકારાત્મક તત્ત્વોને દૂર કરે છે. આ આધ્યાત્મિક શુદ્ધિકરણ છે અને વૈજ્ઞાનિક રીતે અસત્ તત્ત્વોનું વિસર્જન છે.

**ગાયત્રી- એક કમાન્ડ પ્રોમ્પ્ટ**

જો દુનિયા એક પ્રકારની ''Simulation'' (આભાસી રચના ) હોય તો ગાયત્રી મંત્ર તેને નિયંત્રિત કરતું પરિબળ છે.આપણી રીઢની હાડકી (Spine) માં કુલ 24 આંદોલનો હોય છે. ગાયત્રીના 24 અક્ષર આ 24 હાડકીઓ પાછળ આવેલાં સૂક્ષ્મ ચક્રોને સક્રિય કરે છે. જયારે વિશ્વામિત્રે આ મંત્રમાં પૂર્ણ સિદ્ધિ મેળવી ત્યારે તેમણે પ્રકૃતિના નિયમોને બદલી નાખ્યા. ઊર્ધ્વીકરણ કર્યું, જેને આપણે ચમત્કાર કહીએ છીએ. હકીકતમાં ઉચ્ચ સ્તરનું પરિમાણીય ભૌતિકશાસ્ત્ર હતું. તેમણે મંત્રના ધ્વનિને પરમાણુના સ્તર પર પરિવર્તિત કર્યો જેનાથી તેઓ નવી સૃષ્ટિની રચના કરવા સક્ષમ બન્યા.

**પ્રાણ અને શરીરવિજ્ઞાન**

આપણા શરીરમાં વહેતી ઊર્જાને વિજ્ઞાન શારીરિક શક્તિ કહે છે અને આધ્યાત્મિક ભાષામાં તેને 'પ્રાણ' કહેવામાં આવે છે. ગાયત્રીના 18મા અને 19 મા અક્ષર (યોગામાયા અને યોગિની) એવાં કેન્દ્રો છે, જયાં માણસનું ચૈતન્ય બ્રહ્માંડ સાથે જોડાઈ શકે છે. અહીંથી વિજ્ઞાનની સીમા પૂરી થાય છે અને આધ્યાત્મિકતા શરૂ થાય છે. જયારે આ જોડાણ થાય છે ત્યારે માણસને સમય અને અંતરનો અનુભવ ઓછો થવા લાગે છે. તેને એવો અનુભવ થાય છે કે તે એક જ ક્ષણમાં કયાંય પણ પહોંચી શકે છે. આ જ વિશ્વામિત્રની દૂરદર્શિતા હતી.

**પ્રયાગ અને ત્રણ નાડીઓ**

પ્રયાગના સંગમ પર વહેતી ત્રણ નદીઓ: ગંગા, યમુના, સરસ્વતી આ હકીકતમાં શરીરની ત્રણ મુખ્ય નાડીઓ, ઈડા, પિંગલા, સુષુમ્ણાનું ભૌતિક રૂપ માનવામાં આવે છે. જયારે કોઈ વ્યકિત પ્રયાગની પવિત્ર ધરતી પર ગાયત્રીના 24 અક્ષરોનો જપ કરે છે ત્યારે શરીરની અને પૃથ્વીની શક્તિ એક જ લયમાં ગૂંજવા લાગે છે. વિજ્ઞાનમાં આ સ્થિતિને રચનાત્મકતા કહેવામાં આવે છે. આ સ્થિતિમાં શરીર એક પ્રકારનું ઉચ્ચ કક્ષાનું સંચાલક બની જાય છે અર્થાત્ બ્રહ્માંડનું જ્ઞાન કોઈ પણ અવરોધ વિના આપણામાં પ્રવેશવા લાગે છે.

આ શ્લોક માત્ર પ્રાર્થના જ નથી, માનવીય ચેતનાને દેવત્વમાં પરિવર્તન કરવાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.વિજ્ઞાને આપણને દર્શાવ્યું છે કે આપણે કોણ છીએ. કોશિકાઓ અને શક્તિ. અધ્યાત્મે આપણને દશાવ્યું છે કે આપણે શું થઈ શકીએ છીએ (બ્રહ્મ). આ રહસ્યનો રસ્તો આપણને ગાયત્રી મંત્ર દ્વારા મળ્યો કે આપણે જે છીએ તેમાંથી શું થઈ શકીએ તે બતાવે છે. વિશ્વામિત્રે એના ઉપયોગ દ્વારા સમગ્ર જીવનને બદલી નાખ્યું હતું. આજનો મનુષ્ય જો આ ચોવીસ કેન્દ્રોનો તેના સાચા અર્થમાં ઉપયોગ કરવાનું શીખી જાય તો તે પોતાનું ભાવિ જાતે નિર્માણ કરી શકે છે. બ્રહ્માંડ એક વિરાટ તિજોરી છે અને આપણું શરીર એનું નાનકડું રૂપ છે. ઋષિઓએ જાણી લીધું હતું કે આપણો મેરુદંડ અને મસ્તિષ્ક વચ્ચે ચોવીસ સૂક્ષ્મ દ્વાર છે. એ દ્વાર માંસના નથી બલ્કે પ્રકાશોજ્જવલ છે. જયારે આપણે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે તે મંત્ર 'શબ્દ' નહીં પણ ધ્વનિબાણ બની જાય છે. પ્રત્યેક અક્ષર શરીરના ચોક્કસ ભાગમાં એક પ્રકારનો વિસ્ફોટ કરે છે જેને 'તાપિની' અથવા 'વરાહી' શક્તિ કહેવાય છે. હકીકતમાં એ આપણી ભીતરની સુષુપ્ત શકિત છે, જેને હજારો વર્ષોથી કોઈએ જાગૃત નથી કરી. સમગ્ર દુનિયા પૂછે છે કે રાજા (વિશ્વામિત્ર) ભગવાન વશિષ્ઠ સાથે યુદ્ધ હારી ગયા પછી તલવાર કેમ ફેંકી દીધી? એનું રહસ્ય એ છે કે વિશ્વામિત્ર સમજી ગયા હતા કે વશિષ્ઠ પાસે કોઈ સેના નથી બલ્કે 'વચનસિદ્ધિ' છે. વિશ્વામિત્રે ગાયત્રીના ચોવીસ અક્ષરોને મંત્રની જેમ નહીં બલ્કે હથિયારની જેમ એનો ઉપયોગ કર્યો. તેમણે પ્રત્યેક અક્ષરનાં આંદોલનોને પોતાના સમસ્ત અસ્તિત્વમાં એકાકાર કરી લીધા. જયારે તેમણે ચોવીસમો અક્ષર 'યાત્' સિદ્ધ કર્યો ત્યારે તેમનું ભૌતિક અસ્તિત્વ કેવળ એક ભ્રમ બની ગયું. તેઓ સાક્ષાત્ દિવ્ય ઊર્જા બની ચૂક્યા હતા. તેથી તેઓ નવી સૃષ્ટિ રચવાનું સાહસ કરી શક્યા કારણકે તેમણે સર્જનનો સ્રોત મેળવી લીધો હતો.

**ધ્વનિ તરંગો અને પાણી પર અસર:** માનવશરીરમાં લગભગ 70 ટકા પાણી હોય છે. જયારે ગાયત્રી મંત્રના ધ્વનિ તરંગો શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે તે પાણીના અણુઓ પર સીધી અસર કરે છે.

જયારે કોઈ વ્યક્તિ ગાયત્રી મંત્રનો નિયમિત જપ કરે છે. આ રહસ્યનો રસ્તો આપણને ગાયત્રી મંત્ર દ્વારા મળ્યો કે આપણે જે છીએ તેનાથી શું થઈ શકીએ.

સમગ્ર દુનિયામાં આ શ્લોકની ચર્ચા છે પણ લોકો એ ભૂલી જાય છે, એને સક્રિય કરવા માટે એક ભૂમિકા તૈયાર કરવી પડે. પ્રયાગ એ ચુંબકીય ક્ષેત્ર છે. જયાં પૃથ્વીની ઊર્જા શૂન્ય બની જાય છે. સંગમની નીચે એવા ધ્વનિતરંગો વહી રહ્યાં છે કે જે કાનથી નહીં પણ આત્માથી સંભળાય છે. જયારે કોઈ પ્રયાગની ધરતી પર 24 અક્ષરોનું ઉચ્ચારણ કરે છે ત્યારે તે સીધો પરમ પ્રજ્ઞા સાથે જોડાઈ જાય છે, જેને આપણે ઈશ્વર કહીએ છીએ.

દેવતાઓ પાસે જે શક્તિ હોય છે તે 24 અક્ષરોમાં છે. સિંહની (નેતૃત્વ), 'યોગમાયા' (ભ્રમ પેદા કરવો), (સૂક્ષ્મ અદશ્ય હોવું). આ શ્લોક હકીકતે માનવીને દેવતામાં પરિવર્તિત કરવાનો સ્રોત છે. દુનિયા એને પ્રાર્થના સમજતી રહી પણ એ ઉત્કાંતિનો-ક્રાંતિનો ટૂંકો માર્ગ છે. આ શ્લોક કોઈ પૂજા નથી પણ માનવનો નકશો છે, જે આપણી અંદર છુપાયેલો છે. વિશ્વામિત્રે આ કેદીને મુક્ત કર્યો.

સવાલ એ નથી કે આ મંત્ર શું કરે છે? સવાલ એ છે કે આપણી પાસે એ 24 દ્વાર પાર કરવાની હિંમત છે? કારણ કે ત્યાં પહોંચવા પછી કેવળ અનંત પ્રકાશ જ શેષ રહેશે.

કલ્પના કરીએ કે આપણું શરીર આલીશાન અને આધુનિક બંગલો છે. એ બંગલામાં 24 ઓરડા છે. દરેક ઓરડામાં કિંમતી ખજાનો ભરેલો છે. કોઈમાં તીવ્ર મગજશક્તિ તો કોઈમાં અસીમ શાંતિ. મુશ્કેલી એ છે કે આપણે આ બંગલાના માલિક તો છીએ પણ આપણને ખબર જ નથી કે આ ઓરડાઓનાં તાળાં કયાં છે? આપણે તો બસ સ્થૂળતા-ભૌતિકતામાં જીવી રહ્યાં છીએ.ઋષિ વિશ્વામિત્રે વર્ષોના સંશોધન બાદ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે આપણું શરીર હાડકાં અને માંસનું માળખું જ નથી પણ તે ચૈતન્યનું એક જાળું છે. તેમને એમ સમજાયું કે ગાયત્રી મંત્રના 24 અક્ષરો એની ચોવીસ ચાવીઓ છે. આપણે જ્યારે 'તત્' બોલીએ તો શરીરના ચોક્કસ કેન્દ્ર પર એક હળવું દબાણ લાગે છે અને પહેલો ઓરડો ખૂલી જાય છે. એ જ રીતે 24 અક્ષરો 24 તાળાં ખોલી નાખે છે!

વિશ્વામિત્ર પહેલાં એક ક્રોધી અને બળવાન રાજા હતા. તેમને સમજાયું કે તલવારથી તો માત્ર જમીન જીતી શકાય છે પણ જાતને જીતવી હોય તો શરીરનાં આ 24 કેન્દ્રોને સક્રિય કરવાં જોઈએ. તેમણે શું કર્યું? તેમણે ગાયત્રી મંત્રના ધ્વનિ-રહસ્યનો ઉપયોગ કર્યો. મંત્રજાપ દ્વારા તેમણે શરીરનાં આંદોલનોને વ્યવસ્થિત કર્યાં. પરિણામે તેમની ભીતરનાં સુષુપ્ત કેન્દ્રો સક્રિય થઈ ગયાં. તેમની બુદ્ધિ એટલી તેજ થઈ ગઈ કે તેમણે નવી સૃષ્ટિની રચનાનું હાર્દ સમજી લીધું. એક સામાન્ય મનુષ્યમાંથી તેઓ 'બ્રહ્મર્ષિ' બની ગયા.

આ 24 કેન્દ્રો શું છે? આપણા શરીરનાં 24 શક્તિ કેન્દ્રો છે. 11 મું કેન્દ્ર (દેવિકા) દબાવીએ તો નિડરતા આવી જશે. આપણે કંઈ ભૂલી જઈએ છીએ તો 17મું કેન્દ્ર દબાવીશું તો યાદશક્તિ તીવ્ર બની જશે. ભારે તણાવમાં હોઈએ તો ચોથું કેન્દ્ર (તુષ્ટિ) દબાવીએ તો મન શાંત થઈ જશે.

**પ્રયાગનું જોડાણ:** હવે આપ પૂછશો કે 'પ્રયાગ ફાઈલ્સ'માં આનું શું કામ? પ્રયાગ સંગમ આ દુનિયાનું સૌથી મોટું સંચારિત કેન્દ્ર છે. અહીંની જમીન અને પાણી એવી ઊર્જા છે કે અહીં બેસીને મંત્રજપ કરવામાં આવે તો શક્તિ ખૂબ જલ્દી સક્રિય થઈ જાય છે. આપણી ભીતરની 24 શક્તિઓને જાગૃત કરવાની છે, જેથી સાધારણ માનવીમાંથી મહામાનવ બની શકો.શ્લોકમાં પહેલા અક્ષર 'તત્' તાપિની-ઉષ્માથી શરૂ થઈને અંતિમ 'યાત્' નિરંજના- દિવ્ય પ્રકાશ- મોક્ષ પર વિરામ પામે છે.

ગાયત્રીના 24 અક્ષરો આનુવંશિકતાને પ્રભાવિત કરે છે.વિશ્વામિત્રે મંત્રના ધ્વનિના દબાવથી પોતાના આનુવંશિક ગુણોને બદલી નાખ્યા.એ ક્ષત્રિયમાંથી બ્રાહ્મણમાં પરિવર્તિત થયા છઠ્ઠી ઈન્દ્રીય નહીં, 24

**સંવેદનશીલ કેન્દ્રો:**

આપણે માત્ર પાંચ ઈન્દ્રિયોની વાત કરીએ છીએ પણ આ શ્લોક માનવશરીરમાં 24 સંવેદનશીલ કેન્દ્રોનું નિદર્શન કરે છે. માનવીની સૂક્ષ્મ ચેતના અવકાશની જાણકારીને સીધી જ પ્રાપ્ત કરી શકે છે.

પ્રયાગની ભૌગોલિક સ્થિતિને સમજીએ. સંગમની નીચે વિશિષ્ટ ખનીજની સંરચના ચુંબક જેવી છે. જ્યારે કોઈ વ્યક્તિ પ્રયાગની ધરતી પર બેસીને 24 કેન્દ્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે ત્યારે આપણા શરીરમાં ગાયત્રી મંત્રની સંચાલનશક્તિ ઉદ્ભવે છે. આ 24 કેન્દ્રો જે વિદ્યુત શક્તિ પ્રદાન કરે છે તે આધુનિક વિજ્ઞાન પરમ ચેતનાનો તાગ પામી શકશે?

> **ગાયત્રીના 18મા અને 19મા અક્ષર (યોગામાયા અને યોગિની) એવાં કેન્દ્રો છે, જયાં માણસનું ચૈતન્ય બ્રહ્માંડ સાથે જોડાઇ શકે છે. અહીંથી વિજ્ઞાનની સીમા પૂરી થાય છે અને આધ્યાત્મિકતા શરૂ થાય છે**

પ્રાચીન ભારતીય વિજ્ઞાન અનુસાર 'શબ્દ' જ બ્રહ્મ છે. જ્યારે આપણે ગાયત્રીના અક્ષરોનું ઉચ્ચારણ કરીએ છીએ તો જીભ, તાળવું અને ગળાનાં ચોક્કસ કેન્દ્રો પર એનો પ્રભાવ પડે છે. ગાયત્રીના 24 અક્ષરોનો વિશિષ્ટ વિન્યાસ મગજ અને ગ્રંથિઓને સક્રિય કરે છે. તાલિકામાં વર્ણિત 'તાપિની', 'વિશ્વા', રેવતી જેવી શક્તિઓ હકીકતમાં શરીરના અંતઃસ્રાવી તંત્ર- સૂક્ષ્મ આંદોલનો છે.

આ મંત્ર મુખ્ય સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરે છે. વિશ્વામિત્રનું ઉદાહરણ માત્ર એક પૌરાણિક કથા જ નથી પણ પ્રાચીન પ્રમાણ છે. વિશ્વામિત્રે ગાયત્રી મંત્રની ઉચ્ચ આવૃત્તિઓના માધ્યમથી પોતાની રાજસિક પ્રવૃત્તિઓને સાત્ત્વિકતામાં પરિવર્તિત કરી દીધી. આ એક ક્ષત્રિય કોષનું બ્રહ્મર્ષિના કોશમાં રૂપાંતર હતું. જ્યારે ચેતના 24 કેન્દ્રો પર નિયંત્રણથી તે દરેક બાબતને પ્રભાવિત કરવાનું સામર્થ્ય મેળવી લે છે.

24 ગુણોને જો આજના વ્યક્તિત્વવિકાસ અને માનસિક સ્વાસ્થ્યના સંદર્ભમાં જોઈએ તો તે એક સંપૂર્ણ માનવ ઉત્થાનની પ્રક્રિયા છે.'ભર્ગ' શક્તિનો અર્થ એવી ઊર્જા છે જે તમામ નકારાત્મકતાને બાળીને ભસ્મ કરી દે છે.

**દૂરદર્શિતા અને નેતૃત્વ:** 'ધ્યાન' અને 'સિંહની' શક્તિઓ સક્રિય થાય છે ત્યારે નિર્ણય લેવાની ક્ષમતા વધી જાય છે. પ્રયાગ કેવળ ત્રણ નદીઓનો સંગમ જ નથી પણ પૃથ્વીની ઊર્જાનું મહત્ત્વનું સ્થાન છે.

**નાદ-બ્રહ્મ:** અહીંના વાયુ અને જળમાં વિશિષ્ટ ચુંબકીય શક્તિનો સ્રોત છે. જ્યારે અહીં ગાયત્રી અનુષ્ઠાન થાય છે ત્યારે 'પ્રયાગ ફાઈલ્સ' અનુસાર આ મંત્ર 24 ગણાથી અધિક તીવ્રતાથી સક્રિય થાય છે. કારણ કે અહીંની ભૌગોલિક સ્થિતિ કામ કરે છે. ગાયત્રી મંત્ર કોઈ ધાર્મિક કર્મકાંડ નથી પણ ધ્વનિ રહસ્ય છે. એ પ્રાચીન ભારતની પ્રથા છે. મગજના તારોને વ્યવસ્થિત કરવાનું માધ્યમ છે. એ વ્યક્તિગત ચેતનાને બ્રહ્માંડની ચેતના સાથે જોડવાનું ગતિશીલ યંત્ર છે.

એક મહત્ત્વની વાત સમજી લઈએ કે, યજુર્વેદમાં ગાયત્રી મંત્ર અને એની વ્યાહૃતિઓ (ઓમ્ ભૂર્ભુવઃ સ્વઃ) નો ઉલ્લેખ ઘણી જગાએ મળે છે. કારણકે યજુર્વેદ મુખ્યત્વે કર્મકાંડનો વેદ છે. એ બે જગાએ એ મુખ્ય રૂપે આવે છે. 1. શુકલ યજુર્વેદ (વાજસનેયી સંહિતા). શુકલ યજુર્વેદના 36મા અધ્યાયના ત્રીજા મંત્ર (36.3) માં આ મંત્ર પૂર્ણરૂપે પ્રાપ્ત થાય છે. ઓમ્ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવમ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્''. અહીં એનો શાંતિ પાઠ અને યજ્ઞ અનુષ્ઠાનોના સંદર્ભમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 2. કૃષ્ણ યજુર્વેદ(તૈત્તિરીય સંહિતા): કૃષ્ણ યજુર્વેદમાં પણ એનો વ્યાપક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિશેષરૂપે તૈત્તરિય આરણ્યક (10.35.1) માં ગાયત્રી મંત્રનો મહિમા અને એનું જપવિધાન વિસ્તારથી દર્શાવવામાં આવ્યું છે. ઋગ્વેદમાં (3.62.10)માં કેવળ મુખ્ય મંત્ર છે. તત્સવિતુર્વરેણ્યં... એમાં ઓમ્ અને 'ભૂર્ભુવઃ સ્વઃ'નો સમાવેશ કરવામાં નથી આવ્યો. યજુર્વેદમાં આ મંત્રની સાથે ઓમ્' અને વ્યાહૃતિઓ (ભુર્, ભુવઃ સ્વઃ) સાથે મળે છે.

આજે આપણે જે સ્વરૂપે ગાયત્રી મંત્રના જપ કરીએ છીએ તે ઋગ્વેદના 'મંત્ર' અને 'વ્યાહૃતિ' નું મિશ્ર રૂપ છે. યજુર્વેદમાં એને આધ્યાત્મિક ઊર્જાને સક્રિય કરવા અને યજ્ઞની આહુતિ વેળા મનને એકાગ્ર કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મંત્ર અક્ષરોનો સમૂહ નથી પણ ઈશ્વરીય ધ્વનિનો પ્રતિધ્વનિ છે, જેનાથી આ સમસ્ત સૃષ્ટિ ઉદ્ભવી છે. જ્યારે તમે આ ગાયત્રીનાં 24 કેન્દ્રોને સક્રિય કરો છો તો તમારી ભીતરનો ચુંબકીય શક્તિનો નકશો સંગમની જેમ ચમકી ઊઠે છે. વિજ્ઞાન જયાં અટકે છે ત્યાંથી ગાયત્રીનું રહસ્ય ઉડાણ કરે છે.

વિશ્વામિત્રે અમને શીખવ્યું કે આપણે માટીનાં પૂતળાં નથી બલકે કેદ કરેલી ઊર્જા છે. આ મંત્ર કેદ કરેલી ઊર્જાને આઝાદ- સ્વતંત્ર-કરવાનો માર્ગ છે.

જે દિવસે તમારી ભીતરનો 18મો અક્ષર 'યોગમાયા' અને 24મો અક્ષર 'નિરંજના' એક સાથે ગૂંજી ઊઠશે. તે દિવસે તમે સ્વયંને ઓરડામાં નહીં, સમગ્ર બ્રહ્માંડમાં ફેલાયેલા અનુભવી શકશો.

પ્રયાગની લહેરો આજે પણ એ જ સવાલ પુનરાવર્તિત કરી રહી છે કે શું હજી પણ તમે એક સાધારણ માનવી જ બની રહેવા માંગો છો કે તમારી ભીતરના મહામાનવને જગાડવાનું સાહસ કરવા ઈચ્છો છો? ગાયત્રી માત્ર ઈશ્વરની પ્રાર્થના નથી. એ માનવમનમાં વસેલા ઈશ્વરને શોધવાનો નકશો છે.

(અમરીશ મનિષ શુક્લ, પ્રયાગરાજના સૌજન્યથી રૂપાંતર- સંપૂર્ણ)

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૭૧

# સાચો બ્રહ્મસંબંધ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ



યશોદાએ બાળકૃષ્ણને પકડ્યા અને દોરી વડે બાંધવા પ્રયત્ન કર્યો. અગાઉ સમજ્યા તેમ એક પછી બીજી એમ અનેક દોરીઓ જોડવા છતાં પણ દોરી ટૂંકી પડતી હતી. આનું કારણ હતું યશોદાનું અભિમાન. તેઓ એમ સમજતાં હતાં કે બળ અથવા યુક્તિ વાપરીને બાળકને ચોક્કસપણે બાંધી જ દેશે. જયારે થાકી ગયાં અને પોતાના બળનું અભિમાન છૂટ્યું, ત્યારે ભગવાન સ્વયં બંધાઈ ગયા. આ વાત ભગવતપ્રાપ્તિ માટે પ્રયત્ન કરતા મનુષ્યે યાદ રાખવી જોઈએ કે ઈશ્વર માત્ર પ્રેમથી વશ થાય છે. જ્યાં સુધી આપણે અહંકારથી વશીભૂત છીએ અને એમ માનીએ છીએ કે આ કામ હું ચપટીમાં કરી નાખીશ ત્યાં સુધી આપણું કોઈ પણ સાધન નકામું છે. પછી એ જ્ઞાન હોય, કર્મ હોય કે ભક્તિ હોય. મનુષ્ય પાસે જે બુદ્ધિ અને શક્તિ છે તે પણ આખરે તો પરમાત્મા વડે જ પ્રાપ્ત થયેલી છે માટે આ તમામ સાધન વાસ્તવમાં અહંકારથી દૂર રહેલા મનુષ્યને જ ઈચ્છિત ફળ આપી શકે છે અને માટે જ અહંકાર અને અભિમાનથી દૂર રહેલો મનુષ્ય જ ભગવતપ્રાપ્તિ કરી શકે છે.

યશોદાજીના અભિમાનથી એક આંગળ દોરી એક બાજુ ઓછી પડી અને બીજી બાજુ ભગવાનની લીલાથી પણ એક આંગળ દોરી ઓછી પડી. આમ બે આંગળ દોરી ઓછી પડી તેવો આ લીલામાં અહીં ભાવ છે. બીજી રીતે સમજીએ તો જીવ અને પરમાત્મા વચ્ચે પણ માત્ર બે જ આંગળનું અંતર છે અથવા તો શરીર અને આત્મા વચ્ચે પણ બે જ આંગળનું અંતર છે તેવો પણ અહીં ભાવ છે. આ ભાવને ગણિત કે વિજ્ઞાન ઉકેલી નહિ શકે કારણ કે આ શ્રદ્ધાનું ક્ષેત્ર છે. ભગવાન તમામ ક્ષેત્રોથી પર છે. જેવું યશોદાજીનું અભિમાન ગયું કે તરત ભગવાને પણ ઢીલ મૂકી અને દોરી વડે બંધાઈ ગયા. હકીકતમાં 'પરમપ્રેમ'થી પરમાત્મા માતાના હાથે બંધાયા હતા. કેવું મનોહર દ્રશ્ય હતું કે જેમાં 'જે વિશ્વનાયકે સમસ્ત વિશ્વને બાંધી રાખ્યું છે તે જ ભક્તિભાવમાં વશીભૂત થઈ જાય અને પોતાના ભક્તના હાથે દોરીથી બંધાય જાય, એટલું જ નહિ તેમાં ગૌરવ પણ અનુભવે!'

> **ભગવાન તો લક્ષ્મીપતિ છે માટે તેમને પૈસાનું દાન કરીને, પરચૂરણ ખખડાવીને કે નોટો ઉછાળવાનો દેખાડો કરીને તેમનો પ્રેમ પ્રાપ્ત કરી શકાતો નથી. પ્રભુના પ્રેમને પામવા દ્રવ્યબળ, શરીરબળ, જ્ઞાનબળ, બુદ્ધિબળ વગેરે તમામ નકામાં છે. જરૂરી છે માત્ર 'પ્રેમબળ'**

પરમાત્મા શ્રીકૃષ્ણ માટે આપણે એક વાત હંમેશાં સમજવી જોઈએ કે તેઓ પરમપ્રેમનું સ્વરૂપ છે. સામાન્ય પ્રેમ અને પરમપ્રેમમાં તફાવત છે. માનવ સ્વાર્થ રાખીને જે પ્રેમ કરે છે તે 'સામાન્ય પ્રેમ' છે પરંતુ પરમાત્માને કોઈ અપેક્ષા ન હોવા છતાં પણ જીવોને પ્રેમ કરે છે તે 'પરમપ્રેમનું સ્વરૂપ' છે. ભગવાન તો લક્ષ્મીપતિ છે માટે તેમને પૈસાનું દાન કરીને, પરચૂરણ ખખડાવીને કે નોટો ઉછાળવાનો દેખાડો કરીને તેમનો પ્રેમ પ્રાપ્ત કરી શકાતો નથી. પ્રભુના પ્રેમને પામવા દ્રવ્યબળ, શરીરબળ, જ્ઞાનબળ, બુદ્ધિબળ વગેરે તમામ નકામાં છે. જરૂરી છે માત્ર 'પ્રેમબળ'.

આ સાથે જ એ હકીકત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે જીવને જયારે કરેલા અહંકારનો પશ્ચાત્તાપ થાય અને અભિમાન છોડીને શરણમાં આવે છે ત્યારે જ ભગવાન પ્રેમ આપે છે. મને જે મળ્યું છે તે ભગવતકૃપાથી મળ્યું છે, ભગવાનની કૃપાથી હું સુખી થયો છું, હું ભગવાનનો ઋણી છું, આવી રીતે ભગવાનના ઉપકારો સતત યાદ રાખવાથી ભગવાન પ્રેમ આપે છે. ભગવાનને બળથી, કળથી કે છળથી પ્રાપ્ત કરવાનું સામર્થ્ય મનુષ્યમાં પણ નથી, કોઈ સંપ્રદાયના વડાઓમાં પણ નથી કે કોઈ ધર્માચાર્યોમાં પણ નથી. હા, નિઃસ્વાર્થ સદગુરુ હોય તો સાચું માર્ગદર્શન આપી શકે. મૂર્તિમાં શ્રદ્ધા રાખી આપણે જો એમ સમજીએ કે અહીં મારો લાલો બિરાજમાન છે એટલે હું ધન્ય થઈ ગયો તો માત્ર આટલી સમજણ પૂરતી નથી, કારણ કે તે હંમેશાં મનુષ્યની અંદર પણ રહેલો જ છે. જરૂર છે અભિમાનનો પડદો દૂર કરવાની. જળથી ભરાયેલા વાસણમાં દૂધ ભરવા માટે જગ્યા હોતી નથી. જયારે જળને ખાલી કરવામાં આવે ત્યારે જ દૂધ ભરી શકાય છે. આવી જ રીતે મનમાં ભરાયેલા અહંકારને જ્યાં સુધી ખાલી ન કરાય ત્યાં સુધી પ્રભુકૃપા થવી શક્ય નથી.

સ્તનપાન કરતા લાલાને આજે એવી ઈચ્છા થઈ કે ચાલ આજે હું મૈયાની પરીક્ષા કરું. માતાને હું વહાલો છું કે સંસાર. જીવ અને ઈશ્વરના મિલન વખતે પણ ઈશ્વર કસોટી કરે છે કે જીવને હું વહાલો છું કે સંસાર વહાલો છે? કસોટી કર્યા વગર પરમાત્મા જીવ પર કૃપા કરતા નથી, તેના પર પ્રેમ વરસાવતા નથી, તેને અપનાવતા નથી. સર્વવ્યાપક અને દરેકના હૃદયમાં સુષુપ્ત અવસ્થામાં અંશ રૂપે રહેલા પરમાત્મા એવી અપેક્ષા રાખે છે કે આ જીવ સંપૂર્ણપણે મને જ પ્રેમ કરે. યશોદાજી જેવા મન, વાચા અને કર્મથી જીવ મારી ભક્તિ કરે અને આવો પ્રેમ થાય તો જ ભગવાન બંધનનો સ્વીકાર કરે છે અને જીવને બંધનમાંથી મુક્ત કરે છે. પ્રેમનું બંધન પરમાત્મા તોડતા નથી.

ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વ છે. તમામ તેમને વશ છે છતાં પણ આ પ્રમાણે બંધાઈ જઈને તેમણે એ વાત સ્પષ્ટપણે સમજાવી દીધી કે હું મારા પ્રેમી ભક્તોને વશ છું. ગોપી યશોદાજીએ મુક્તિદાતા મુકુંદની જે અસાધારણ કૃપા પ્રાપ્ત કરી તે કૃપા બ્રહ્માજી કે લક્ષ્મીજી પણ પ્રાપ્ત કરી શક્યા નહોતા. માટે આ લીલાને ફક્ત એક 'મા'પોતાના બાળકને ફરજના ભાગરૂપે ધવડાવે અથવા બાળક તોફાન કરે ત્યારે તેને ખીજવાઈને બાંધે તેવી દ્રષ્ટિથી સમજવાની નથી. પરંતુ આ "સાચા અર્થમાં બ્રહ્મસંબંધની લીલા છે" એ રીતે સમજવાની છે. જેમાં યશોદા એ જીવ છે અને શ્રીકૃષ્ણ એ ઈશ્વર છે. આમ જીવ અને ઈશ્વરના મિલનની આ લીલા એક પ્રકારની અદ્વૈત લીલા છે. લાલા જોડે બ્રહ્મસંબંધ થયો હોય અને પછી જો સંસારના સ્મરણમાં પડાય તો એ બ્રહ્મસંબંધ દૂધના ઉભરા જેવો છે. પરમાત્માની સેવા કરતા બ્રહ્મસંબંધ થાય ત્યારે જો સાંસારિક ઉભરો આવે, સાંસારિક સંબંધો યાદ આવે, સેવા-ભક્તિનું અભિમાન આવે તો ભગવાનનું વિસ્મરણ થાય છે. ભગવાનની ઉપેક્ષા થાય છે. કનૈયો ગોદમાં બેસે તે યશોદાની અપેક્ષા છે પણ ગોદમાં આવ્યા પછી તેને બાજુ પર મૂકી દેવો તે તેની ઉપેક્ષા છે. અહીં સંત તુલસીદાસજી લખે છે,

જનની, જનક, બંધુ, સુત, દારા;
તનું ધનુ ભવન સુર્હદ પરિવારા;
સબકે મમતા બાગ બટોરી,
મમ પદ મન હિ બાંધ કરી ડોરી.

અર્થાત, 'માતા, પિતા, બંધુ, પુત્ર, પત્ની, શરીર, ધન, મકાન, સ્નેહીજન બધામાં જે મમતા છે તે સઘળી ભેગી કરી તેની એક દોરી બનાવી પ્રભુના ચરણમાં બાંધી દો, તો પ્રભુ બંધાય'.

(ક્રમશઃ)